**Strictly Confidential: (For Internal and Restricted use only)**
**Secondary School Examination March - 2020**
**Marking Scheme – GUJARATI**
**SUBJECT CODE: 010 PAPER CODE: 9**

**General Instructions: -**

1. You are aware that evaluation is the most important process in the actual and correct assessment of the candidates. A small mistake in evaluation may lead to serious problems which may affect the future of the candidates, education system and teaching profession. To avoid mistakes, it is requested that before starting evaluation, you must read and understand the spot evaluation guidelines carefully. **Evaluation is a 10-12 days mission for all of us. Hence, it is necessary that you put in your best efforts in this process.**
2. Evaluation is to be done as per instructions provided in the Marking Scheme. It should not be done according to one's own interpretation or any other consideration. Marking Scheme should be strictly adhered to and religiously followed. **However, while evaluating, answers which are based on latest information or knowledge and/or are innovative, they may be assessed for their correctness otherwise and marks be awarded to them. In class-X, while evaluating two competency based questions, please try to understand given answer and even if reply is not from marking scheme but correct competency is enumerated by the candidate, marks should be awarded.**
3. The Head-Examiner must go through the first five answer books evaluated by each evaluator on the first day, to ensure that evaluation has been carried out as per the instructions given in the Marking Scheme. The remaining answer books meant for evaluation shall be given only after ensuring that there is no significant variation in the marking of individual evaluators.
4. Evaluators will mark( √ ) wherever answer is correct. For wrong answer 'X"be marked. Evaluators will not put right kind of mark while evaluating which gives an impression that answer is correct and no marks are awarded. **This is most common mistake which evaluators are committing.**
5. If a question has parts, please award marks on the right-hand side for each part. Marks awarded for different parts of the question should then be totaled up and written in the left-hand margin and encircled. This may be followed strictly.
6. If a question does not have any parts, marks must be awarded in the left-hand margin and encircled. This may also be followed strictly.
7. If a student has attempted an extra question, answer of the question deserving more marks should be retained and the other answer scored out.
8. No marks to be deducted for the cumulative effect of an error. It should be penalized only once.
9. A full scale of marks 0-80 has to be used. Please do not hesitate to award full marks if the answer deserves it.
10. Every examiner has to necessarily do evaluation work for full working hours i.e. 8 hours every day and evaluate 20 answer books per day in main subjects and 25 answer books per day in other subjects (Details are given in Spot Guidelines).
11. Ensure that you do not make the following common types of errors committed by the Examiner in the past:-
    - Leaving answer or part thereof unassessed in an answer book.
    - Giving more marks for an answer than assigned to it.
    - Wrong totaling of marks awarded on a reply.
    - Wrong transfer of marks from the inside pages of the answer book to the title page.
    - Wrong question wise totaling on the title page.

- Wrong totaling of marks of the two columns on the title page.
- Wrong grand total.
- Marks in words and figures not tallying.
- Wrong transfer of marks from the answer book to online award list.
- Answers marked as correct, but marks not awarded. (Ensure that the right tick mark is correctly and clearly indicated. It should merely be a line. Same is with the X for incorrect answer.)
- Half or a part of answer marked correct and the rest as wrong, but no marks awarded.

12. While evaluating the answer books if the answer is found to be totally incorrect, it should be marked as cross (X) and awarded zero (0)Marks.

13. Any unassessed portion, non-carrying over of marks to the title page, or totaling error detected by the candidate shall damage the prestige of all the personnel engaged in the evaluation work as also of the Board. Hence, in order to uphold the prestige of all concerned, it is again reiterated that the instructions be followed meticulously and judiciously.

14. The Examiners should acquaint themselves with the guidelines given in the Guidelines for spot Evaluation before starting the actual evaluation.

15. Every Examiner shall also ensure that all the answers are evaluated, marks carried over to the title page, correctly totaled and written in figures and words.

16. The Board permits candidates to obtain photocopy of the Answer Book on request in an RTI application and also separately as a part of the re-evaluation process on payment of the processing charges.

માધ્યમિક સ્કૂલ પરીક્ષા

માર્ચ – ૨૦૨૦

ગુણ યોજના : ગુજરાતી

( ૦૧૦ )

સામાન્ય નિર્દેશ : મૂલ્યાંકન કરતી વખતે નીચેની સૂચનાઓને ધ્યાનમાં રાખવી.

વિશેષ નિર્દેશ : માનનીય સર્વોચ્ચ ન્યાયાલયના આદેશ અનુસાર, પરીક્ષાર્થી નિયત ફી ભરીને ઉત્તરવહીની નકલ મેળવી શકે છે.

❖ પરીક્ષકે નિશ્ચિત કરેલી ગુણયોજના પ્રમાણે ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવું.

૧. પરીક્ષકો સાથે પ્રથમ દિવસે વ્યક્તિગત અને સામૂહિક રીતે ગુણયોજનાની ચર્ચા - વિચારણા કર્યા પછી જ મૂલ્યાંકન કાર્ય શરૂ કરવું ॰

૨. ગુણયોજનાનો મુખ્ય ઉદ્દેશ મૂલ્યાંકનને વધારેમાં વધારે ન્યાય આપવાનો છે. ગુણયોજનામાં આપવામાં આવેલા ઉત્તરના મુદ્દાઓને અંતિમ ગણવા નહિ. તે બધાં મુદ્દાઓ માત્ર માર્ગદર્શક અને નિર્દેશરૂપ છે. જો વિદ્યાર્થીઓએ આનાથી અલગ રીતે , પરંતુ યોગ્ય અને અર્થપૂર્ણ ઉત્તર આપ્યા હોય તો તેને ગુણ આપવા.

૩. મૂલ્યાંકન કાર્ય માત્ર વ્યક્તિગત મતાનુસાર નહિ, પરંતુ ગુણયોજનાના નિર્દેશ પ્રમાણે જ કરવું.

૪. દરેક પેટા પ્રશ્નના ગુણ હાંસિયામાં લખવા. મુખ્ય પ્રશ્ન જ્યાંથી શરૂ થતો હોય તે પાનાં પર પેટાપ્રશ્નના ગુણનો સરવાળો કરીને લખવો.

૫. જો મુખ્ય પ્રશ્નના કોઈ પેટાપ્રશ્ન ન હોય તો એ પ્રશ્નના ગુણ હાંસિયામાં તથા ઉપર લખવા.

૬. જો પરીક્ષાર્થીએ કોઈ એક પ્રશ્નનો ઉત્તર બે જગ્યાએ લખ્યો હોય અને એક પણ ઉત્તરને કાપ્યો ન હોય તો જે ઉત્તર વધારે સાચો હોય એના ગુણ આપવા અને બીજાને ધ્યાનમાં લેવો નહીં.

૭. પ્રશ્નના ઉત્તરો જો મુદ્દાસર લખવાના હોય તો અને પરીક્ષાર્થીએ જરૂર કરતાં વધારે મુદ્દા લખ્યા હોય તો જરૂરી ગુણ આપીને બિનજરૂરી મુદ્દાને ધ્યાનમાં ન લેવા.

૮. એક જ પ્રકારની જોડણી ભૂલનો ગુણ એક જ વખત કાપવો.

૯. શબ્દમર્યાદા કરતાં વધારે લખાણના ગુણ કાપવા નહીં.

૧૦.સામાન્ય રીતે એવું જોવા મળે છે કે પરીક્ષક સહાનુભૂતિથી ૩૦% ગુણ મેળવનાર પરીક્ષાર્થીને ૩૩% ગુણ આપીને ઉત્તીર્ણ કરે છે. અથવા તો ક્યારેક એક ગુણ માત્ર ; એ આધાર પર કાપવામાં આવે છે કે , પૂરા ગુણ ન આપી શકાય. અહીં એ પણ ધ્યાન રાખવું જોઈએ કે મૂલ્યાંકનમાં પૂરેપૂરા ૦ થી ૮૦ ગુણ ઇચ્છનીય છે અર્થાત પરીક્ષાર્થીએ જો બધાં જ જરૂરી મુદ્દાઓ સાથે ઉત્તરો લખ્યા હોય તો પૂરેપૂરા ૮૦ ગુણ આપી શકાય.

૧૧. ઉત્તરવહીમાં મૂલ્યાંકન કરતી વખતે જો કોઈ ઉત્તર પૂર્ણતઃ ખોટો હોય તો તે ઉત્તર પર ( x ) નિશાની કરીને ૦ ગુણ આપવા જોઈએ.

ગુજરાતી GUJARATI ( ધોરણ – X [ 010 ] Marking Scheme – 2019-20

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | **Section – A ( Advanced Reading Skill )** | |
| ૧ | અ. | ગદ્યસમીક્ષાના ઉત્તરો (વૈકલ્પિક )<br>૧. (ક) અ અને બ<br>૨. (બ) નવરાત્રિ<br>૩. (અ) સામાજિક દૂષણ<br>૪. (ક) અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો<br>૫. (બ) અવાજનું પ્રદૂષણ | 5 X 1 = 5 |
| | આ. | ગદ્યસમીક્ષાના ઉત્તરો:<br>૧. જીવનના ત્રણ પ્રકાર છે – બીજાને મારીને જીવવું તે પહેલો , પરસ્પર સહકારનો તે બીજો અને સ્વાર્પણ માટે જીવવું તે ત્રીજો.<br>૨. જીવનનો ઉત્કર્ષ પરસ્પર સહકારથી થાય છે.<br>૩. જીવનનો પરમ ઉદ્દેશ્ય સ્વાર્પણ દ્વારા જે જીવન જીવે છે તેના દ્વારા સમજાય છે.<br>૪. જીવનકલહથી જીવન ટકે છે અથવા બહુ બહુ તો વિસ્તાર પામે છે આ લાભ છે. એમાં જીવન સાફલ્ય નથી એ ગેરલાભ છે.<br>૫.'જીવનના પ્રકાર ' / 'જીવનનો ઉદ્દેશ' / 'જીવન સાફલ્ય'/ 'જીવનની સાર્થકતા'(જીવન માટે આ ફકરાને અનુરૂપ શીર્ષક હોય તો તેને માન્ય રાખી શકાય.) | 5 X 1 = 5 |
| | ઇ. | કાવ્યસમીક્ષાના ઉત્તરો (વૈકલ્પિક)<br>૧.(અ) સિંગાપુર<br>૨.(ક) બાથંબાથી<br>૩. (બ)ઊભા રહી જાય<br>૪.(ક) લોથ થયો<br>૫. (અ)માનવ નામે રમકડું | 5 X 1 = 5 |
| | ઈ. | કાવ્યસમીક્ષાના ઉત્તરો:<br>૧. કવિ સોમનાથ, દ્વારકેશ, વિશ્વના નાથ, દત્ત દિગંબર ગિરનારી , મહાવીર દાતાર, સહજાનંદ, જલારામ, કાલિકા માત વગેરેની જય | 5 X 1 = 5 |

| | | | |
|---|---|---|---|
| | | બોલવાનું કહે છે.. (આમાંથી કોઈપણ બે કે ત્રણ નામ લખ્યા હોય તો સાચું અપાય.)<br>૨. કવિઓ સુવર્ણ અક્ષરે ગુજરાતની યશગાથા લખશે.<br>૩. ભક્ત સુદામા અને કૃષ્ણ (ભગવાન શ્રીકૃષ્ણ) નો મૈત્રીભાવ ભૂલાય તેમ નથી.<br>૪. ગુજરાતમાં હિંદુ,મુસ્લિમ, શીખ, પારસી વગેરે લોકો રહે છે. તે હળીમળીને રહે છે.<br>૫. જય ગુજરાત / ગુણવંતી ગુજરાત / યશગાથા ગુજરાતની/ ગરવી ગુજરાત./<br>(આ ઉપરાંત કાવ્યને અનુરૂપ શીર્ષક હોય તો તેને માન્ય રાખી શકાય). | |
| | | **Section – B ( Effective Writing Skill )** | |
| ૨. | અ. | કોઈપણ એક વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધલેખન<br>- પ્રસ્તાવના ૧<br>- વિષયવસ્તુ ૩<br>- ભાષા અભિવ્યક્તિ ૧<br>- ભાષા શુદ્ધિ અને વાક્ય રચના ૨<br>- ઉપસંહાર ૧<br>નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નિબંધ લખવો:<br>- વિષયની પસંદગી<br>- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ<br>- કાવ્યપંક્તિ , સુભાષિત કે અવતરણ આવકાર્ય<br>- વિષયાંતર ન થાય તેની કાળજી<br>- સુંદર, સુવાચ્ય અક્ષર , જોડણી શુદ્ધિ અને ભાષાશૈલી પ્રત્યે કાળજી | 1 X 8 = 8 |
| | આ | આપેલા મુદ્દાઓને આધારે વાર્તાલેખન<br>શીર્ષક: મૃત્યુદંડમાંથી મુક્તિ / મૃત્યુની પસંદગી / રાજા કૃષ્ણદેવરાય અને તેનાલીરામા / બુધ્ધિ કોના બાપની? / બુધ્ધિચાતુર્ય / તેનાલીરામાની ચતુરાઈ/બુધ્ધિશાળી તેનાલીરામા<br>( ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય ) | 1 X 6 = 6 |

| | | | |
|---|---|---|---|
| | | બોધ: બુધ્ધિચાતુર્યથી કાર્ય કરવું જોઈએ. / બુધ્ધિનો ઉપયોગ કરી નિર્ણય લેવો જોઈએ/ બુધ્ધિથી કોઈપણ સમસ્યા દૂર કરી શકાય/ મુશ્કેલીમાં ધીરજથી કામ લેવું જોઈએ/મુશ્કેલીના સમયમાં સમજદારીથી કામ લેવું જોઈએ.<br>(ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક બોધ સ્વીકાર્ય)<br>- ભાષાશૈલી , ભાષા શુદ્ધિ ૧<br>- વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન ૩<br>- શીર્ષક ૧<br>- બોધ ૧<br>આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.<br>- વાર્તા મોટે ભાગે ભૂતકાળમાં જ લખવી.<br>- વાર્તા મુદ્દાને અનુરૂપ જ લખવી.<br>- ભાષા સરળ અને પ્રવાહી , રસપ્રદ લખાણ જરૂરી.<br>- મુખ્ય પાત્ર, પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક આપવું અને બોધ લખવો. | |
| | ઇ | **પત્રલેખન**<br>કશ્યપ પંચાલનો મિત્ર મયંક પટેલ ભણવામાં હોશિયાર છે. પણ શરીરે નબળો છે. તેથી કશ્યપ તેના મિત્ર મયંકને સ્વાસ્થ્ય સુધારવાની **સલાહ આપતો પત્ર લખે છે.**<br>- સરનામું અને તારીખ ૧.૫<br>- સંબોધન અને અભિવાદન ૧<br>- વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ ૨.૫<br>- સમાપન , લિખિતંગ ૧<br>નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્ર લખવો:<br>- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International method) નવી પદ્ધતિ પ્રમાણે<br>- પત્રલેખનમાં સ્વાભાવિક્તા જરૂરી<br>- પત્રની ભાષા સરળ, શુદ્ધ હોવી જરૂરી<br>- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>- સરનામું, સંબોધન અને વિષયની યોગ્યતા | 1 X 6 = 6 |

<table>
<tr><td></td><td></td><td>
<u>અથવા</u><br>
તમારી શાળા પાસે ફેરિયાઓ ઉઘાડી ને વાસી ખાવાની ચીજવસ્તુઓ વેચે છે.તે બંધ કરાવવા જરૂરી પગલાં લેવાની વિનંતી કરતો પત્ર મ્યુનિસિપલ અધિકારીને લખો.<br>
- સરનામું (બંને સરનામા) અને તારીખ ૧.૫<br>
- સંબોધન અને અભિવાદન ૧<br>
- વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ ૨.૫<br>
- સમાપન, લિખિતંગ ૧<br>
નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્ર લખવો:<br>
- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International method) નવી પદ્ધતિ પ્રમાણે<br>
- પત્રલેખનમાં સ્વાભાવિક્તા જરૂરી<br>
- પત્રની ભાષા સરળ, શુદ્ધ હોવી જરૂરી<br>
- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>
- સરનામું, સંબોધન અને વિષયની યોગ્યતા<br>
- કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક તથા સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ ભાષા, સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી.
</td><td></td></tr>
<tr><td></td><td>ઈ</td><td>
લેખ (આર્ટીકલ)<br>
‘આજનો યુવાન ધ્યેયહીન બન્યો છે’ વિષય પર આશરે 100 શબ્દોમાં લખાણ લખો.<br>
- વિષયવસ્તુ ૩.૫<br>
- ભાષા શુદ્ધિ ૧.૫<br>
નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને લેખ લખવો:<br>
- વિષયના અનુસંધાનમાં વિષયવસ્તુની રજૂઆત<br>
- જોડણી શુદ્ધિ અને ભાષાશૈલી પ્રત્યે કાળજી<br>
<u>અથવા</u><br>
‘સંપ ત્યાં જંપ’ પર સચિત્ર જાહેરાત બનાવો.<br>
- ચિત્રાત્મક રજૂઆત ૧.૫<br>
- સૂત્રાત્મક રજૂઆત ૧
</td><td>1 X 5 = 5</td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | | - સમગ્ર પ્રસ્તુતિકરણ ૨.૫<br>નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જાહેરાત તૈયાર કરવી.<br>- ચિત્રાત્મક રજૂઆત<br>- ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ<br>- ટૂંકમાં પરંતુ આકર્ષક રજૂઆત<br>- દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત | |
| | | **Section – C ( Applied Grammar )** | |
| 3 | અ. | રૂઢિપ્રયોગના અર્થ અને વાક્ય પ્રયોગ : **(કોઈ પણ ત્રણ )**<br>૧. તલપાપડ થવું - અત્યંત આતુર થઈ જવું<br>વાક્ય: બાની વાર્તા સાંભળવા બાળકો તલપાપડ હોય છે.<br>૨. આંજી નાખવું - છક કરી નાખવું / પ્રભાવિત કરવું<br>વાક્ય: મેધાએ સૌને ભેટ આપી આંજી દીધા.<br>૩. વાળ ધોળા થઈ જવા - ઉંમર વધી જવી<br>વાક્ય: કામ કરી કરીને મારા દાદાના વાળ ધોળા થઈ ગયા.<br>૪. આંખ ઊઘડવી – ચેતી જવું / સાવધાન થવું.<br>વાક્ય: ઠોકર વાગ્યા પછી માણસની આંખ ઉઘડતી હોય છે.<br>(રૂઢિપ્રયોગને અનુરૂપ ઉચિત વાક્ય વિદ્યાર્થીએ લખ્યું હોય તો તેને માન્ય રાખવું) | 3 X 1 = 3 |
| | આ. | નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો : **(ગમે તે બે)**<br>૧. લગ્નોત્સુક – લગ્ન + ઉત્સુક<br>૨. સુવર્ણાક્ષર – સુવર્ણ + અક્ષર<br>૩. રસૈક્ય - રસ + ઐક્ય | 2 X 1 = 2 |
| | ઇ | નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે ત્રણ)<br>૧. રવ – અવાજ / સૂર / ધ્વનિ / નાદ<br>૨. સોડમ – સુગંધ / ખુશ્બુ / સુરભિ / મહેક / સુવાસ /ફોરમ<br>૩. કર – હાથ / પાણિ /હસ્ત<br>૪. અરણ્ય - વન/ જંગલ / વિપિન / કાનન/ રાન | 3 X 1 = 3 |
| | ઈ. | સૂચના મુજબ વાક્ય પરિવર્તન કરો.<br>૧. (પ્રશ્નવાક્ય બનાવો)<br>જ. એમનો ઉપકાર કેવી રીતે ભૂલાય? / શું એમનો ઉપકાર ભૂલાય? / એમનો ઉપકાર ક્યારેય ભૂલાય? | 2 x 1 = 2 |

| | | | |
|---|---|---|---|
| | | (આ ઉપરાંત યોગ્ય તથા સાચુ પ્રશ્નવાક્ય લખ્યું હોય તો તેને માન્ય રાખી શકાય)<br>૨. (ઉદ્દગાર વાક્ય બનાવો)<br>જ. વાહ ! આવતી કાલે મેળો છે./ શી વાત છે ! આવતી કાલે મેળો છે. /અરે વાહ ! આવતી કાલે મેળો છે.<br>(આ ઉપરાંત યોગ્ય તથા સાચું ઉદ્દગાર વાક્ય લખ્યું હોય તો તેને માન્ય રાખી શકાય) | |
| | ઉ | નીચેના વાકયોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દ્રષ્ટિએ સુધારી ફરીથી લખો.<br>જ.૧. પેલી વૃદ્ધ સ્ત્રીઓ તો ગુસ્સે થઈ ગઈ.<br>જ.૨. જાનમાં સૌએ પરિવાર સાથે જવાનું હતું./ જાનમાં સૌએ સપરિવાર જવાનું હતું. / જાનમાં સૌએ સહપરિવાર જવાનું હતું<br>(આ ઉપરાંત બીજું કોઈ વાક્ય સાચું હોય તો માન્ય રાખવું) | 2 X 1 = 2 |
| | ઊ. | સૂચના મુજબ કાળ પરિવર્તન કરો.<br>૧. (સાદા ભવિષ્યકાળમાં ફેરવો)<br>જ. રવિપ્રસાદ એકલવાયું જીવન ગુજારશે.<br>૨. (ચાલુ વર્તમાન કાળમાં ફેરવો)<br>જ. અમે તેની વર્તણૂક જોઈ રહ્યા છીએ.<br>૩. (પૂર્ણ ભૂતકાળમાં ફેરવો)<br>જ. શાંતિનિકેતનમાં ઉનાળાના દિવસો હતા. | 3 X 1 = 3 |
| | એ. | સૂચના પ્રમાણે કરો.<br>૧. (અનુગ શોધીને લખો)<br>જ. અનુગ : નો<br>૨. (નામયોગી શોધીને લખો)<br>જ. નામયોગી : તરફથી | 2 X 1 = 2 |
| | ઐ. | નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે ત્રણ )<br>૧. પૂર્વગ્રહરહિત છે તે – તટસ્થ<br>૨. સંતતિ ન થતી હોય તેવી સ્ત્રી – વાંઝણી<br>૩. અનાજ ભરવાનું માટીનું મોટું વાસણ – કોઠી<br>૪. સાપને રહેવાનું ઘર – રાફડો | 3 X 1 = 3 |
| | | **SECTION-D (Literature - Text book)** | |

| | | | |
|---|---|---|---|
| 4. | અ. | નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.<br>જ.૧. રમા પોતાના પૈસા દાન ધર્મમાં આપવાની અથવા નદીમાં નાખી દેવાની વાત કરે છે.<br>જ.૨. 'વાંઝણી સ્ત્રી' એટલે જે સ્ત્રીને છોકરાં ન થતાં હોય એવી અથવા સંતતિ ન થતી હોય એવી સ્ત્રી. | 2 X 1 = 2 |
| | આ. | નીચેના પ્રશ્નોમાંથી **કોઈ પણ બે** પ્રશ્નોના ત્રણથી ચાર વાક્યોમાં જવાબ લખો.<br>વિષયવસ્તુ – 1.5<br>ભાષાશુદ્ધિ અને જોડણી – 0.5<br>જ.૧.રમઝુની શરણાઈનો સૂર આપોઆપ બદલાઈ ગયો કારણ કે તેને પોતાની પુત્રી સકીનાને સાસરે વળાવી હતી, તે દિવસ અને સમય યાદ આવી ગયા.<br>જ.૨. ત્રિભુવનદાસે સ્વૈચ્છિક નિવૃતિ લીધી ત્યારે તેમને પ્રચંડ લોકાદર સાંપડ્યો. દરેક સભ્યએ પોતાની ઇચ્છાથી એક-એક રૂપિયો ભેગો કરીને છ લાખ એંસી હજાર રૂપિયાની થેલી ભેટ આપી.<br>જ.3.વૃદ્ધ  સ્ત્રીઓએ ખોરાક છાંડનાર માટે રેસ્ટોરાંના મેનેજરને ફરિયાદ કરી તથા સોશિયલ સિક્યોરિટીને બોલાવ્યા અને ઑફિસરે ખોરાક છાંડનારને 50 યુરોનો દંડ કર્યો.<br>જ.૪. હ્રદયપરિવર્તન થયા પછી દીપકના પિતા મુક્કો મારીને ખિતાબખતના ચૂરેચૂરા કરી નાખે છે.કૉંગ્રેસ હાઉસમાં ફોન કરીને જણાવે છે કે આવતીકાલથી વડાલા રેઇડ સર અમલ દેરાસરી લીડ કરશે. આમ તેઓ હ્રદયપરિવર્તન બાદ આઝાદીની લડતમાં જોડાઈ જવાનો નિર્ણય કરે છે. | 2 X 2 = 4 |
| | ઇ | નીચેનામાંથી કોઈ એક પ્રશ્નનો સવિસ્તર જવાબ લખો.<br>વિષયવસ્તુ – 2<br>જોડણી અને ભાષાશુદ્ધિ – 1<br>જ.૧ 'પ્રયાણ' એ એક હાસ્ય પ્રસંગ છે. આ કૃતિમાં અથવા નવલકથાખંડમાં ભદ્રંભદ્ર દ્વારા કેટલાંક રમૂજનાં ચિત્રો નિષ્પન્ન થયાં છે. જેમકે મુંબઈને બદલે શ્રી મોહમયી , ટિકિટ ને બદલે | 1 x 3 = 3 |

મૂલ્યપત્રિકા જેવાં શુદ્ધ સંસ્કૃતપ્રધાન શબ્દોનો ઉપયોગ રમૂજ ઉત્પન્ન કરે છે. આ ઉપરાંત પારસી ટિકિટ માસ્તર સોરાબજી સાથે થયેલા વાર્તાલાપમાં શું બકેચ? સાલો કઈ મેદ થયેલોચ ? જેવી ઉકિત હાસ્ય જન્માવે છે. ભદ્રંભદ્ર દ્વારા પારસી ટિકિટ માસ્તર માટે દુષ્ટયવન જેવા શબ્દોનો પ્રયોગ રમૂજ જન્માવે છે.આ ઉપરાંત પારસી ટિકિટ માસ્તરનો સ્પર્શ થવાથી સ્ટેશન પર સ્નાન કરવા જેવી ઘટના રમૂજ નિષ્પન્ન કરે છે. આ ઉપરાંત  એકવાર ભદ્રંભદ્ર શિયાળને વરુ માની ઝડપથી ચાલ્યા હતા તે પ્રસંગ હાસ્ય જન્માવે છે.

જ.૨  બલાઈનો પ્રકૃતિપ્રેમ અનોખો હતો.બલાઈનું શરીર જાણે વરસાદનો ધ્વનિ સાંભળે છે. લીલા ઘાસનાં પૂંજ પર ગબડવાની તેને મજા આવતી. કોઈ છોડનું ફૂલ તોડતું તો તેને લાગી આવતું, કોઈ ઝાડ પર પથ્થર ફેંકે તો તેને ગમતું નહીં.મજૂરો ઘાસ કાપવા આવતા એ બલાઈનો સૌથી વધુ દુઃખનો દિવસ બની જતો. કારણકે નાનકડી વેલીઓ,અનામી ફૂલો વગેરે બધું જ દાતરડાં વડે કપાઈ જવાનું હતું. એ કાકીને કહેતો પણ ખરો કે ,મજૂરોને આ ઘાસ કાપવાની ના કહો. પણ એ તો જંગલ હતું એ સાફ કર્યા વિના ચાલે એમ ન હતું. એકવાર બગીચામાં રસ્તા વચ્ચે એક શીમળાના વૃક્ષનો અંકુર ફૂટી નીકળ્યો. બલાઈએ એ અંકુર જોયો. બલાઈ રોજ તેને પાણી પાતો અને માવજત કરતો. જ્યારે એ છોડ મોટો થયો ત્યારે રસ્તાની વચ્ચે હોવાથી બલાઈના કાકા એને કાપવાની વાત કરે છે. ત્યારે બલાઈ તેની કાકીના ખોળામાં બેસી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. તેણે એ વૃક્ષ કપાવા ન દીધું. આમ, આ ઉપરથી કહી શકાય કે બલાઈનો પ્રકૃતિપ્રેમ અનોખો હતો.

જ.૩.જેઠીબાઈ એક વીરાંગના હતા.કચ્છ-માંડવીનાં એક અભણ જેઠીબાઈ પોર્ટુગલ સરકારના જુલમી કાયદા વિરુધ્ધ લડે છે. જેઠીબાઈના કારખાનામાં કામ કરતાં કાનજીના દીકરાને નિરાધાર બનતો અટકાવવા તે સૂઝથી સમયસૂચકતા વાપરે છે. તે કાનજીના મૃત્યુની વાત પર પડદો પાડી દે છે અને રાતોરાત તેના પુત્ર પમાના લગ્ન બીજા કામદારની દીકરી સાથે કરાવી દે છે.બીજે દિવસે પોર્ટુગલ સરકારના પાદરીઓ સામે જેઠીબાઈ ભારે

| | | | |
|---|---|---|---|
| | | હિંમત દાખવે છે.તે પોર્ટુગલ ઓફિસરોને લડત આપે છે, એમના સમયમાં ચાલતી જોહુકમી તથા ધર્મવટાળ પ્રવૃતિઓની બધી હકીકત જેઠીબાઈ પોર્ટુગલ ભાષામાં લખાવી ,તેને એક ઓઢણી પર છપાવી પોર્ટુગલ જવા માટે નીકળે છે.તે ત્યાંની રાણી ડૉન લ્યૂઝાને મળી હાથોહાથ ઓઢણી ભેટ ધરે છે. રાણી આ જુલમની વાતો જાણી તરત જ કાયદો રદ કરવાનું ફરમાન કરે છે અને જેઠીબાઈનાં માનમાં તેમના ઘર પાસે અઠવાડિયામાં એકવાર બેન્ડ વગાડવાનો હુકમ કરવામાં આવ્યો.તે જીવ્યા ત્યાં સુધી આ હુકમનું પાલન થયું. જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા દરેક પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના માનમાં પોતાની હેટ ઉતારી નાખતા. આમ, જેઠીબાઈ અભણ હોવા છતાં લોકોના દિલમાં અમર બની ગયાં. | |
| ૫ | અ. | નીચેનો પદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. | 2 X 1 = 2 |
| | | જ.૧. વાદળ પર્વતની ટોચે પહોંચીને એટલે કે ઊંચાઈએ પહોંચતા જ વેરાઈ ગયું.<br>જ.૨.પર્વત – ગિરિ , પહાડ, ડુંગર.<br>સ્વયં – પોતે, જાતે, ખુદ | |
| | આ. | નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ બે થી ત્રણ વાક્યમાં લખો.<br>• વિષયવસ્તુ ૧.૫<br>• જોડણી , ભાષાશુદ્ધિ ૦.૫<br>જ.૧ સભાપાત્રતાની યોગ્યતા એટલે માનભર્યું સ્થાન.કવિએ માણસની સભામાં બેસવાની યોગ્યતા આ કવિતામાં દર્શાવી છે - બીજાના આંસુ લૂછવા,ગુપ્તદાન કરવું,પ્રગતિના શિખર પર પહોંચ્યા પછી પણ નમ્રતા ધારણ કરવી, સંવેદનશીલતા, આત્મનિરીક્ષણ અને પ્રામાણિકતા જેવા ગુણો ધરાવનાર સભામાં બેસવાની લાયકાત ધરાવે છે.<br>જ.૨ ‘મોરલી’ કાવ્યમાં મીરાંબાઈએ શ્રીકૃષ્ણની લીલાનું સુંદર વર્ણન કર્યું છે. વૃંદાવનમાં રાસ રચાયો છે. તેનો નાદ ગગનમાં ગાજે છે શ્રીકૃષ્ણ એ રાસમંડળમાં વચ્ચે બિરાજે છે. તેઓ વૃંદાવનની કુંજગલીમાં થનક થનક થૈ નાચે છે.તેઓ આવતાં ને જાતાં ગોપીઓ પાસે દધિનાં દાણ માગે છે આમ શ્રીકૃષ્ણ પોતાની | 1 X 2 = 2 |

| | | | |
|---|---|---|---|
| | | લીલાઓથી ગોપીઓને મોહિત કરી દે છે.<br>જ.3. ‘હાથ મેળવીએ’ કાવ્યમાં કવિ ધન, સત્તા,કીર્તિનું કામ નથી. એમ કહે છે કારણ કે, કવિ ખાલી હાથ મેળવવા ઇચ્છે છે અને કવિએ હાથમાં હાથ મેળવી તેઓને પરસ્પરના હૃદય સુધી પહોંચવું છે. | |
| | ઇ. | નીચેનામાંથી **કોઈપણ બે** પ્રશ્નોના એક એક વાક્યમાં જવાબ લખો.<br>જ.૧. ‘ વૈશંપાયન’ કરસનદાસ માણેકનું ઉપનામ છે.<br>જ.૨. ‘ જીવમાં જીવ આવ્યો’ કાવ્યનો સાહિત્યપ્રકાર ‘સૉનેટ’ છે.<br>જ.3. ‘દીવાનખાનામાં’ કાવ્યના રચયિતા ‘પન્ના નાયક’ છે.<br>જ.૪. કાનાની મોરલીએ ગોપીએ સહિયરનો સાથ છોડયો. | 2 X 1 = 2 |